# ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૨૩

અંક : ૬


**સંસ્થાની યાત્રા–૯**

વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન ૪ બહેન કાર્યકરોએ કેન્દ્રમાં મહીલાઓનાં પ્રશ્ન સાંભળવા અને તેમા શકય તેટલા નિરાકરણનાં પ્રયત્નો કર્યા.

શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ બાબરા તાલુકાના ૩૭ ગામના બાળકોને શાળાએ જવા માટે કડીરૂપ બન્યો, ૨૮૭ પરિવારના બાળકોની સ્થળાંતર અટકાયત થઈ. આ સમય દરમ્યાન ૧૭૦ જેટલા બાળકોને ફરી સ્કૂલે પહોંચાડયા ૩૫૭ એસએમસી સભ્યોની મજબૂતાઈ વધારી, કન્યા જુથની રચના કરી. કીડી અને નાની કુંડળ માટે સીઝનલ હોસ્ટેલ માટે ઠરાવ થયો.

જાફરાબાદ તાલુકાનાં ભાડા ગામે વિશ્વ મહીલા દિવસની ઉજવણી કરી. જેમાં રેલી, ચર્ચા અને પત્રિકાઓ દ્વારા સંદેશા પહોંચાડવામાં આવ્યા. જેન્ડર સમાનતા માટે વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી જેમાં ખેડુત પરિવારોની સગર્ભા મહિલાઓ અને ખેતમજુર મહિલાઓ સાથે બેઠકો યોજી તેમના પ્રશ્નો જાણવા પ્રયાસો કર્યા અને તે માટે જુદી–જુદી તાલીમો કરવામાં આવી. સ્ત્રી પુરુષ સમાનતા પર કામ કરવાનો ટીમનો અનુભવ આ બાબતોને સરળ બનાવે છે.

બીસીઆઈ કાર્યક્રમ સાથે જોડાયેલા ૮૦૦૦ જેટલાં ખેડૂતોને (દરિયાઈ વિસ્તાર)ને ખેતી વિષયક માર્ગદર્શન પુરૂ પાડવા માટે વિવિધ તાલીમો અને ડેમોસ્ટ્રેશન યોજયા હતા. ફિલ્ડ વીઝીટ દરમ્યાન ખેડુતોને વ્યકિતગત મળી માહિતીનું આદાન પ્રદાન કર્યુ.

આ વર્ષ દરમ્યાન ત્રણ નવી એફપીઓ માટે પ્રાથમિક કામગીરી કરવામાં આવી જે માટે ધોકડવા ખાતે સોરઠ, ટીંબી ખાતે જાપકો અને ધારી ખાતે ગીર ફાર્મર્સ પ્રોડયુસર કંપનીઓના પ્રમોશનની કાર્યવાહી કરવામાં આવી.

વર્ષ દરમ્યાન ખેડૂતો ખેતીવિષયક સારી પદ્ધતિ અપનાવતાં થાય તે માટે જુદા જુદા પ્રેરણા પ્રવાસનાં આયોજન કરવામાં આવ્યા.

વર્ષ દરમ્યાન અમ્બ્રેલા અભિયાન મારફત ૭૪ ગામનાં ૧૪૦૦ જેટલા ખેડૂતોને ઉતમકાર્ય અંતર્ગત બાળમજૂરી, બાળ અધિકારો, ખેતી, પાણીનો ઉપયોગ, આરોગ્ય, પીપીઈ કીટ વાપરવા સહિત સલામતિનું શિક્ષણ કર્યુ. ઉપરાંત વોટર રીસોર્સ મેનેજમેંટના કામોની શરૂઆત પણ ફરીવાર થઈ. (ક્રમશઃ)

– રમેશભાઈ સોલંકી

**દિવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું જયાં રાખો ત્યાં અજવાળુ કરે.**

## વિશ્વ પર્યાવરણ દિવસ

### વૃક્ષ જતન, આબાદ વતન,

આઝાદી મળ્યા પછીના ૭૪ વર્ષ દરમિયાન ભારતની વસ્તી ૩૬ કરોડમાંથી ૧૩૯ કરોડ જેટલી થઈ ગઈ છે. વસ્તીવધારાને લીધે આપણા દેશમાં અનેક ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. વધતી વસ્તીને વસાવવા માટે વધુ જમીનની જરૂર પડી છે. આ જમીન ઉપરથી વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું છે. એ ઉપરાંત હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ પણ ભયજનક હદે વધ્યું છે. આ ભયજનક પ્રદૂષણને નાથવાના આપણા દેશમાં અનેક ઉપાયો થઈ રહયા છે. જેમાંથી એક મહત્વનો ઉપાય છે વૃક્ષારોપણ.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સંસ્થા પોતાના કાર્યવિસ્તાર અમરેલી અને ગીર સોમનાથ જીલ્લામાં અલગ – અલગ ગામોમાં શાળાના બાળકો તથા ગ્રામજનોને સાથે રાખી દર વર્ષે જુન મહિનામાં ૨૦૦૦ થી ૨૫૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે, સાથે–સાથે જૈવવિવિધતા, પર્યાવરણ બચાવ જાગૃતતા, ખેતી ખર્ચ ઘટે આજીવિકાનું સ્તર ઉચું આવે, આધુનિક ખેતી પદ્ધતિ, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, જેવી બાબતો પર જાગૃતતા માટે કાર્ય કરે છે અને આ વર્ષે કાર્ય વિસ્તારના તમામ ખેડૂતો ઓછામાં ઓછા એક વૃક્ષ તો વાવશે જ તેવી મને ખાતરી છે.

હાલ ચાલુ વર્ષમાં તારીખ ૧૭ અને ૧૮મે એમ બે દિવસ તાઉ–તે વાવાઝોડાના લીધે દરિયાકાંઠા વિસ્તારોમાં અમરેલી અને ગીર સોમનાથ જીલ્લામાં ઘણું નુકશાન થયું, જેમાં વૃક્ષો, વીજળી ના થાંભલાઓ, કાચા તથા નબળા મકાનો, પશુઓ, ખેતી પાકો, બાગાયતી પાકો, નારીયેળી આંબા, કેળ અને બીજા ઔષધીય વનસ્પતિઓને ઘણું નુકશાન થયું છે.

શરૂઆતમાં ત્યાનાં સ્થાનિક લોકો સાથે ૩ થી ૫ દિવસ સુધી સંપર્ક પણ નથી કરી શકયા એવી પરિસ્થિતી ઉદભવી હતી, બને એટલી અલગ–અલગ સંસ્થાઓ અને સરકારી વિભાગો દ્વારા ત્યાં રાશન, પીવાનું પાણી અને જીવન જરૂરિયાત મદદ કરવામાં આવી. તો હવે પછીના સમયમાં આપણે સહીયારો પ્રયાસ કરી કુદરતી આફતથી થયેલ નુકશાન સામે પુનઃસ્થાપિત થવા તથા પર્યાવરણ ઉભું કરવા માટે વૃક્ષોનું વાવેતર વધારવું જરૂરી છે.

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે પ્રાકૃતિક ખેતી તરફ વળવા પણ પ્રેરે છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોનાં મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા પતરાળાં બનાવવના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને

વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે.

આપણા દેશમાં થોડા વર્ષો પૂર્વે ગાઢ જંગલો આવેલાં હતા. એ જંગલોમાં અનેક હિંસક પશુઓ વસવાટ કરતાં. જંગલોથી પશુઓનું અને પશુઓથી જંગલોનું રક્ષણ થતું. વાતાવરણમાં ઠંડક રહેતી. હવા શુદ્ધ રહેતી. પુષ્કળ વરસાદને કારણે વૃક્ષોમાં વધારો થતો. પરંતુ વસ્તીનો સતત વધારો થતાં રહેઠાણ માટેનાં મકાનો, નિશાળો, કારખાનાં, સડકો, રેલમાર્ગ વગેરે બનાવવા માટે જમીનની જરૂરિયાત ઉભી થઈ. વળી બળતણ માટે અને ઘરનું રાચરચીલું બનાવવા માટે પણ લાકડાની જરૂર પડી. આથી આડેધડ જંગલો કપાતાં ગયા. પરિણામે જંગલોનો વિસ્તાર ઘટતો ગયો જેના કારણે ખેતીલાયક જમીન પણ ઓછી થવા લાગી. બીજી બાજુ જેટલાં વૃક્ષો કપાયાં, તેટલા પ્રમાણમાં નવાં વૃક્ષો ઉગાડવામાં આવ્યા નહિ. પરિણામે વનસ્પતિ ઘટતાં વરસાદનું પ્રમાણ સતત ઘટતું રહયું અને ભૂગર્ભજળનું સ્તર સતત નીચું ઉતરતું ગયું.

રહી રહીને હવે આપણને વૃક્ષોનું મહત્વ સમજાવા લાગ્યું છે અને વસ્તીવિસ્ફોટ પર અંકુશ રાખવાનો પણ ખ્યાલ આવ્યો છે. આથી આપણને કેટલાંક સૂત્રો પ્રચલિત કર્યા છેઃ વૃક્ષો વાવો, જીવન બચાવો. વૃક્ષ જતન, આબાદ વતન, એક બાળ, એક ઝાડ વગેરે. આ બધાં સૂત્રોમાં વૃક્ષોનો મહિમા સૂચવાયો છે.

વનમહોત્સવ નિમિત્તે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બંને બાજુએ, નિશાળોમાં અને પડતર જમીનમાં વૃક્ષો વાવવામાં આવે છે અને તેનું જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમમાં બાળકોને મોટા પ્રમાણમાં જોડી દરેક બાળકને એક–એક વૃક્ષ વાવવાનું પ્રોત્સાહન ખૂબ જ ઉપયોગી નીવડી શકે. આથી વૃક્ષોની સંખ્યામાં વધારો કરી સૃષ્ટિ સૌદર્યમાં વધારો કરી શકાશે.

હાલ કોરોનાની મહામારીમાં ઘણા લોકોએ ઓકસીજનની કમીનાં લીધે જીવ પણ ગુમાવ્યા. આવી ગંભીર પરિસ્થિતી ઉદભવવાનું કારણ પણ વૃક્ષો જંગલો કપાતા જાય તે છે. આપણે વૃક્ષોની સંખ્યા વધારતા જઈએ તો તે સમગ્ર માનવજાતિ માટે સૌથી ઉમદા કાર્ય બની રહેશે. આમ થવાથી પ્રદૂષણનું પ્રમાણ ઘટાડી વાતાવરણ સુધારી શકાશે. આપણે નિશ્ચય કરીએ કે, દરેક વ્યકિત દર વર્ષે, એક–એક વૃક્ષ તો ઉગાડે જ. આ માટે એમને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપીએ જેથી વૃક્ષો તરફ આપોઆપ પ્રેમ અને આકર્ષણ થશે. વાતાવરણ લીલુંછમ થશે અને પ્રદૂષણ ઘટશે.

– પરેશ સોલંકી

**નસીબને લીફટમાં જવાની આફત છે અને પુરૂષાર્થને પગથિયાં ચડવાની.**

## ત્રિમાસિક મીટીંગ

સંસ્થાની ત્રિમાસિક મીટીંગની બેઠક તા. ૨૬/૦૬/૨૦૨૧ નાં રોજ યોજવામાં આવી હતી. સૌ પ્રથમ મીટીંગમાં પધારેલા કાર્યકરોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રોજેકટ અનુસાર તેમના લીડર દ્વારા તેઓએ તેમની ટીમ સાથે રહી આ ત્રિમાસિક ગાળા દરમ્યાન થયેલી કામગીરીની રજુઆત નીચે મુજબ કરી હતી.

**ટીંબી કલસ્ટર :** શ્રી પ્રવિણભાઈ જાલંધરા દ્વારા તેમના છેલ્લા ત્રણ માસનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું જેમાં ખેતી વિષયક કામગીરી, તાલીમો અને આગામી કરવાની કામગીરીનું આયોજન રજુ કરવામાં આવ્યું હતું.

**ધોકડવા કલસ્ટર :** ભરતભાઈ શિંગડે ધોકડવા પ્રજેકટની વાત કરતાં જણાવ્યું કે કોરોનાની પરિસ્થિતિ અને તાઉ–તે વાવાઝોડા દરમિયાન કામ કરવામાં મુશ્કેલીઓ આવતી હતી તો પણ તમામ પ્રવૃતિઓ સરસ રીતે પૂર્ણ કરી. કામગીરી અને ડેટા અપડેટમાં સુધારો લાવવા ખાત્રી આપી. આગળ ભરતભાઈએ તેમના ૬ વર્ષનો અનુભવ અને તેમની સંસ્થા પ્રત્યેની લાગણી ભાવભર્યા શબ્દો દ્વારા વ્યકત કરી.

**અમરેલી–બાબરા કલસ્ટર :** કૌશિકભાઈ પંડયાએ અમરેલી અને બાબરા તાલુકાની કામગીરી જેવી કે તાલીમો, મીટીંગો, ખેતીને લગતી તમામ કામગીરી અને આગામી કરવાની કમગીરી રજુ કરી. ડેટા સુધારવાનું કામ આ ત્રિમાસિક દરમ્યાન ચાલ્યુ.

**ખાંભા કલસ્ટર :** અવંતિકા તંતીએ પ્રોજેકટ અંતર્ગત કરવામાં આવતી કામગીરી અને તેમાં પડતી મુશ્કેલીઓની વાત કરી અને આંકડા સાથે તમામ માહિતી રજુ કરવામાં આવી હતી.

**લેમ્પ :** લેમ્પ પ્રોગ્રામ અંતર્ગત એપ્રિલ માસમાં ૧૦ ગામોની પસંદગી કરી ત્યારે આચાર્યો સાથે વાત કરી તેમને લેમ્પ વિશે માહિતી આપી તેમની સહમતી સાથે લેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. હાર્દિકભાઈ દ્વારા ૩૨ અને રસિકભાઈ દ્વારા ૧૫ વિદ્યાર્થીઓ જોડાયા અને આમ ૪૭ બાળકોને શિક્ષણ તરફ વાળવામાં લેમ્પ ટીમ સફળ રહી. સાથે–સાથે ઈસ્યુબેઝ મીટીંગનું આયોજન કર્યું જેમાં ઓનલાઈન શિક્ષણ, મીટીંગ વગેરે બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

**સેન્ટર ફોર લર્નિંગ આસીસ્ટન્સ :** નેન્સીબેન દ્વારા પ્રોગ્રામની માહીતી આપવામાં આવી જેના અંતર્ગત કુલ ૫ ગામોની પસંદગી કરી. એલએની નિમણૂક કરવામાં આવી તે ૫ બહેનો દ્વારા કુલ ૮૯ બાળકોને ઓનલાઈન શિક્ષણ દ્વારા જોડી તેમાંથી ૭૧ જેટલા બાળકોની ગુજરાતી ભાષામાં સુધારો થયો છે. ૧૦ જેટલા બાળકોને અંગ્રેજી વિષયમાં સુધારો થયો છે અને કુલ ૬૩ જેટલા બાળકોનું ગણિત સારૂ થયું છે. ત્યારબાદ પાયલબેન દ્વારા આ પ્રોગ્રામની નવી ડીઝાઈન તેમને આપવામાં આવેલી તાલીમ અને તેનાથી થનારા ફાયદા અને તેનું મહત્વ સ્વ શબ્દોમાં વ્યકત કર્યુ. આગળ જતાં રેખાબેન દ્વારા તેમના અનુભવો વ્યકત કરવામાં આવ્યા.

**ચાઈલ્ડલાઈન ૧૦૯૮ :** ચાઈલ્ડલાઈન કાર્યક્રમ અંતર્ગત ત્રિમાસિક કામગીરીનું પ્રેઝન્ટેશન નઝમા અને હિરલ દ્વારા કરવામાં આવ્યું જેમાં

થયેલ કામગીરી શહેરના જુદા–જુદા વિસ્તારમાં ગૃપ, સ્મોલ, વ્યકિતગત અને નાઈટ આઉટરીચ ૧૪૬ કરેલ તે અંતર્ગત ૧૦૧૩ બાળકો, ૧૧૦૫ વાલીઓ અને ૫૩ જેટલા સ્ટેક હોલ્ડરની મુલાકાત લેવામાં આવી. ઓપનહાઉસ–૨, ૧૦૯૮ અંતર્ગત આવેલ ૧૫ કેસો પૈકી ૧ કેસનું નિવારણ, ૧૪ કોલનું ફોલોઅપ ચાલુ છે. નિયમિત લક્ષ્યાંક મુજબ કામગીરી, મીટીંગો, વિઝીટ અને ટ્રેનિંગો થાય છે, સાથે–સાથે અલગ–અલગ કાર્યક્રમો કરેલ છે. કોરોનાને કારણે જે બાળકોના માતા કે પિતા મૃત્યુ પામેલ હોય તેવા બાળકોને હાઈજીન મટીરીયલ અપાવી રાશન કીટ પણ આપવામાં આવી.

**એફપીઓ જાપકો :** જેન્તીભાઈ સરવૈયા દ્વારા ટીંબી ખાતે આવેલ જાપકો કંપનીની માહીતી આ પ્રમાણે છે. કંપનીની સ્થાપના ૨૦૧૬માં થયેલ છે કંપની જંતુનાશક દવા બિયારણ અને ખાતરના લયસન્સ ધરાવે છે. કંપનીનું ૩ માસનું ટન ઓવર ૭૯૦૧૭૮ છે. જેમાંથી ૩૮૫૫૧ નફો છે. આ ઉપરાંત ૭૫૦ ખેડૂતોની કેપેસીટી બિલ્ડીંગ કરેલ છે. શેર હોલ્ડરમાં ૧૬૨ જેટલો વધારો થયો છે એની સાથે આગળના સમયનું પ્લાનિંગ પણ દર્શાવ્યું હતું.

તમારા લક્ષ્યો સાથે સંપર્કમાં રહો, ઝેરી લોકો સાથે નહિ.

**સોરઠ :** રામજીભાઈ અને સવજીભાઈ દ્વારા સોરઠ કંપની વિશે માહીતી આપવામાં આવી હતી જેની સ્થાપના ધોકડવા ખાતે થયેલ છે. તેમણે જણાવ્યું કે કંપનીના કુલ ૮૦૭ સભાસદો છે. કંપનીનું શેર કેપીટલ ૩૧૯૮૦૦ છે. ૫૦૦ ખેડૂતોને કેપેસીટી બિલ્ડીંગ કરેલ છે અને કુલ ૩૨૬ શેર હોલ્ડર છે. ગત વર્ષનું ચણા અને મગફળીનું ટન ઓવર ૨૧૧૦૬૧૫ હતું જેમાંથી ૫૬૯૬૯ પ્રોફીટ હતું. આ સમય ગાળા દરમયાન બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગ યોજાઈ હતી.

**અવિરત :** હાર્દિકભાઈ જોશી અને વિશાલભાઈ ભેડા દ્વારા કંપનીની માહીતી આપવામાં આવી હતી જે પ્રમાણે કંપનીની સ્થાપના ૨૦૦૫માં થઈ હતી. કંપનીની બોર્ડ ઓફ ડીરેકટરની મીટીંગ મળી. ખાતર બિયારણ સિવાયનું એગ્રીકલ્ચર ઈનપુટનું વેંચાણ કરે છે તેમજ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી અને કોમન સર્વિસ સેન્ટર પણ કંપનીમાં કાર્યરત છે. ત્રણ માસમાં ૧૧૦ સોઈલ ટેસ્ટિંગ કરેલ છે. ૧૧૭ બેગ એરંડાનો ખોળનું વેંચાણ કરેલ છે તેમજ ૧૯ બેગ કપાસનું બિયારણ વેચેલ છે. જેનું ટર્ન ઓવર ૧૦૯૧૭૦ છે.

જાનકીબેન પંડયા દ્વારા કમ્યુનિકેશન સ્કીલ પર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું જેમાં વાતચિત કરવાની પદ્ધતિ, સામેવાળા વ્યકિત તમારી વાતમાં રસ ધરાવે છે કે નહિ તે ઓળખવાની ટેકનીક બોડી લેન્ગવેઝ દ્વારા સમજાવી સામેવાળાની વાત સાંભળતી વખતે કંઈ બાબતો પર ધ્યાન આપવું જોઈએ એકાગ્રતા કંઈ રીતે કેળવવી કઈ કઈ બાબતો કમ્યુનિકેશનમાં અડચાણ રૂપ બને છે તેને કંઈ રીતે ટાળી શકાય વગેરે માહીતી આપી હતી.

– હિરલ ડોડીયા

**એક ખોટી વાત અને એક અધુરી વાત કેટલાય સંબંધો તોડી નાખે છે..!!**

## સ્કોલરશીપ

અમરેલી જીલ્લાના લીલીયા તાલુકામાં શેત્રુંજી કાંઠે આંબા ગામ આવેલું છે. અહીંની પ્રાથમિક શાળામાં ખેત મજૂરી માટે સ્થળાંતર કરતા લોકોના બાળકો પણ અભ્યાસ કરતા હોય છે. આ બાળકો પૈકી મોટા ભાગના બાળકો પોતાના પરિવારને મદદરૂપ થતા હોય છે. શાળા દ્વારા આવા બાળકોને વિવિધ સરકારી સુવિધા માટે કાળજી લેવાય છે.

ગુજરાત સરકાર બાળકો માટે NMMS પરીક્ષા યોજે છે તેમાં મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરનારને પ્રતિ માસ રૂા. ૧૦૦૦ એમ કુલ ૪ વર્ષ રૂા.૪૮૦૦૦ રકમની સ્કોલરશીપ ધોરણ ૧૨ સુધી મળે છે. જે બાળકને આગળ અભ્યાસ અર્થે ખુબ જ ઉપયોગી બને છે.

વર્ષ ૨૦૨૦ માં પરીક્ષાના ફોર્મ ભરતી વખતે આંબા પ્રાથમિક શાળામાંથી ૮ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયાં હતાં. જ્યારે શાળાના ગણિત વિજ્ઞાનના શિક્ષિકા ફોરમબેન જોશી એ ધોરણ ૬માં શાળા છોડીને ગયેલા રાજેશ વસુનિયા નામના વિદ્યાર્થીની તપાસ કરતા જાણવા મળ્યું કે તે બાળક એ જૂન ૨૦૨૦ સુધી રાજકોટ જીલ્લામાં ધોરણ ૮ માં ભણતો હતો, પરંતુ લોકડાઉન દરમિયાન સ્થળાંતર પામીને ક્યાંય પ્રવેશ મેળવેલ ન હોતો. તેમજ તે જ્યાં વાડીમાં રહેતા હતા ત્યાં નજીકમાં ૬ થી ૮ ધોરણની શાળા નહોતી. જો રાજેશ જેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીને જ્યારે દોકનાં ફોર્મની છેલ્લી તારીખ નજીક હતી તે વખતે તાત્કાલિક જો કોઈ શાળામાં પ્રવેશનાં મળે તો તે આ પરીક્ષાથી વંચિત રહી જાય તેવી સ્થિતિ સર્જાઈ. તેથી આવા વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ કરે અને સ્કોલરશીપ મેળવે તે હેતુથી અમરેલી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા સંચાલિત ચાઇલ્ડલાઈનનો સંપર્ક કરી વિદ્યાર્થી માટે ઓનલાઈન પ્રવેશ માટે પ્રયત્ન કર્યા. આ સમયે SSAની UDISE વેબસાઈટ અપડેટ માટે બંધ હતી. પરંતુ સરકારશ્રી દ્વારા તેની મુદત વધારવામાં આવી અને વેબસાઈટ ખુલતા જ શાળાના આચાર્યશ્રી તથા સૌના સથવારે વિદ્યાર્થી રાજેશનું એડમિશન આંબા પ્રાથમિક શાળામાં થયું. આ વિદ્યાર્થીને ફોરમબેન બિપીનભાઈ જોશી દ્વારા દરરોજ NMMS માટે ઓનલાઈન વર્ગો દ્વારા માર્ગદર્શન અપાયું અને રાજેશએ પરીક્ષામાં સારા માર્કસ સાથે મેરીટમાં સ્થાન પ્રાપ્ત કર્યું. દર મહિને તેમને રૂા. ૧૦૦૦ ની સ્કોરશીપ મળવાપાત્ર બની. આંબા પ્રાથમિક શાળામાંથી બધા બાળકો NMMS પરીક્ષામાં પાસ થયા અને એક જ શાળાના ૪ બાળકો એ મેરીટમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. આચાર્યશ્રી જશવંતભાઈ ગોહિલ, સ્ટાફ પરિવાર અને સમગ્ર ગામ આનંદની લાગણી અનુભવે છે. સાથે ચાઈલ્ડલાઈન ટીમનો અને સંસ્થાના આભાર વ્યકત કરે છે.

– ફોરમ જોશી

**જેની ગતિ અને મતિ અર્જુન જેવી છે તેનો રથ આજે પણ કૃષ્ણ જ ચલાવે છે.**

## વાર્ષિક મિલન ૨૭/૦૬/૨૦૨૧

**કાર્યક્રમ સંચાલક :** ભરત શિંગડ

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી જેના શબ્દો હતા. "ઈતની શકિત હમે દેના દાતા" પ્રાર્થના બાદ સંસ્થાના ડાયરેકટર શ્રીએ બધાનું સ્વાગત કરતાં શબ્દો વ્યકત કરી કાર્યક્રમના સંચાલનની જવાબદારી ભરતભાઈ શિંગડને સોંપવામાં આવી. વિજળી જતી રહી હતી માટે કાર્યક્રમની શરૂઆત ગરમી સહન કરવાથી થઈ હતી.

સંસ્થાના કાર્યકરો દ્વારા પોતાનો પરિચય આપતાં સાથે થયેલી કામગીરી, તેમાં આવેલ મુશ્કેલીઓ અને ભવિષ્યના આયોજન વિશે ટુંકમાં વાત વ્યકત કરવામાં આવી. બધા કાર્યકરો સાથે વાત કર્યા બાદ સંસ્થા દ્વારા યોજવામાં આવતો પ્રોગ્રામ “Center for Learning Assistance” વિશે ડાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડીયાએ બધા કાર્યકરો સમક્ષ પ્રોગ્રામનો ડ્રાફટ રજુ કર્યો. જો કોઈને તેમા સુધારા કે કંઈ ઉમેરવાની જરૂર જણાય તો તે પોતાના સૂચન આપી શકે અમુક સુચનો આવ્યા અને અમુક પર ચર્ચા થઈ પણ સમયના અભાવને લઈને પછી સૂચના અપાઈ કે જો કોઈ સુધારા જણાય તો વોટસએપ પર મોકલી આપવા અપીલ કરી અને કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો. ભરતભાઈ વાળા દ્વારા ૨૦૨૦–૨૧ની સંસ્થાની યાત્રા રજુ કરાઈ અને તેના પર ચર્ચા કરવામાં આવી.

આગળ વધતા બીપીનભાઈ જોશીએ કોરોના વિશે જાગૃતિ રાખવા જણાવ્યુ. કોરોના વાયરસની ગતિવિધીઓ અને તેની સંરચના સમજાવી. મ્યુટેશન બાબતે વિસ્તૃત માહિતી આપી. વેકસીનેશન કાર્યક્રમમાં સામેલ થવા સંસ્થાની ટીમને આહવાન કર્યુ. વૈશાલીબેન ચાવડાએ નારી જાગૃતિ અને અત્યાચાર સહન ન કરવા ઉપર અને તેવી પરિસ્થિતિમાં સજાગતા અને લેવા જોઈતા પગલાઓ વિશે જાગૃકતા આવે તેવી માહિતી આપી અને કોરોના સમયની પરિસ્થિતિમાં તેમના અનુભવો વિશે વાત કરી.

ઓપન ડીસ્કશનમાં માહિતીનુ નવિનીકરણ, તથા લેમ્પ પ્રોગ્રામમાં અર્લી ચાઈલ્ડહુડ કેર એન્ડ સર્વિસીઝને જોડવા છેલ્લા બે વર્ષથી થતા પ્રયાસોમાં આ વર્ષે તેને જોડવામાં આવેલ છે. ડેન્ટલ કેમ્પ બાબતે ચર્ચા થતા પંકજ સરવૈયાએ જણાવ્યુ કે અમુક વિસ્તારોમાં ઝડબાના કેન્સરનુ પ્રમાણ વધુ હોય ત્યા કેમ્પ કરવા તેના પરની પ્રતિક્રિયા મળી કે તે આ વર્ષમાં કરી શકાશે. નરેન્દ્ર પોંકીયાએ આ વખતના વાવઝોડા પછી મળેલી સ્પેસીફીક નીડ પુર્વ તૈયારીઓ અંગે સુચનો પર ચર્ચા કરી હતી. સેજલ સોલંકીએ આજના આ મીલન સમારંભના સમાપન વકતવ્યમાં સૌનો આભાર માન્યો હતો.

– વર્ષા કુંભાર

**ઓલવતા પહેલા જાણવું આગ છે કે તાપણું અને ખાસ જોવું બીજાનું છે કે આપણું.**

## Happy Birthday

| | |
|---|---|
| Ramji Bambhaniya | 01-07-1992 |
| Hiral Dodiya | 06-07-2000 |
| Harsh Patoliya | 07-07-1997 |
| Mahesh Mayatra | 13-07-1994 |
| Sradhdha Kathiriya | 17-07-1998 |
| Vijay G. Solanki | 23-07-1994 |
| Minal Gadhadra | 27-07-1994 |
| Paresh Solanki | 28-07-1990 |

## In this month

| | |
|---|---|
| 07 | Field office visit |
| 08 | Virtual Meeting with VFS Students. |
| 21 | Started Learning English language. |
| 24 | IAG meeting with SDM Rajula and other organization working in that area. |
| 25 | Training for Assistants in CLA Program. |
| 26 | Staff performance evaluation. |
| 27 | Annual Meet. |

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**વિશ્વનો સુંદર અભિનય એટલે મનમાં સંઘર્ષહોવા છતા ચહેરા પર હાસ્ય.**